# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી

કચ્છ પૂર્વ વન વિભાગ, ફોરેસ્ટ કોમ્પલેક્ષ,
જીલ્લા ઉદ્યોગ કેન્દ્રની પાછળ,
ભુજ-કચ્છ. ૩૭૦૦૦૧.

Email: d.eastbhuj@yahoo.co.in ફોન નં: ૦૨૮૩૨-૨૫૦૨૨૭ ફેક્ષ નં: ૦૨૮૩૨-૨૨૯૬૩૦


---

ક્રમાંકઃ–બ/જમન/ટે.૯/ ૭૨૫ /૨૦૧૯–૨૦ તા. ૯ /૧૨/૨૦૧૯.

પ્રતિ,
ઓથોરાઈઝ અધિકારીશ્રી,
અદાણી પોર્ટ એન્ડ એસઈઝેડ લી.
અદાણી હાઉસ,
પોસ્ટ બોકસ.ન.૧,
મુન્દ્રા–કચ્છ.

વિષયઃ– એપ્લીકેશન ફોર ડાયવર્ઝન ઓફ ૪.૦૪ હે.ફોરેસ્ટ લેન્ડ ફોર ડેવલોપમેન્ટ ઓફ એસ.ઈ.ઝેડ યુટીલીટી એન્ડ ઈન્ફ્રાસ્ટકચર ક્રોસીગ ફેસીલીટી ઈન મુન્દ્રા તાલુકો.મુંદરા,જીલ્લો :– કચ્છ,ગુજરાત.

સંદર્ભ :–(૧)અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,જમીન,ગુજરાતરાજય,ગાંધીનગર ના પત્રનં.જમન/૨૯.બી/બ/૪૦૯૬–૯૭/૧૭–૧૮.તા.૨૪/૧૦/૨૦૧૯.
(૨) મુખ્ય વન સંરક્ષકશ્રી,કચ્છ વન વર્તળ,ભુજના પત્રનં.બ/જમન/ટે.૧૨/૬૬૨૮/૧૯–૨૦.તા.૧૪/૧૧/૨૦૧૯.

જય ભારત સાથ ઉપરોકત વિષયાન્વેની તમારી ભારતીય વન સંરક્ષણ ધારા–૧૯૮૦ મુજબની હે.૪.૦૪ આરે ડાયવર્ઝન ની દરખાસ્ત સંદર્ભ દર્શીતપત્ર થી અત્રેને મળેલ છે.જે અત્રેથી ઉપલી કક્ષાએ સાદર કરવામાં આવેલ હતી.

પ્રસ્તુત દરખાસ્તમાં સંદર્ભ(૧)થી અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,જમીન,ગાંધીનગરના પત્રમાં જણાંવેલ મુદા ૧ થી ૮ મુજબની ક્ષતીઓ/અધુરાસ આવેલ છે.જેની નકલ આ સાથે સામેલ છે.જેમાં આપની કક્ષાએથી ફોરેસ્ટ કલીયરન્સમાં ઓન લાઈન તથા અન્ય અધુરાસો જણાંઈ આવેલ છે.આમ,આપને લગત કરવાની થતી તમામ મુદાઓની મુદા વાઈઝ પુર્તતા કરી,ફોરેસ્ટ કલીયરન્સમાં ઓનલાઈન જરૂરી દસ્તાવેજો અપલોડ કરી,તથા મુદા ૧થી ૧૧માં આવેલ અધુરાસોની પુર્તતા જરૂરી આધારપુરવા સહ તૈયાર કરી,પાંચ નકલમાં મોકલી આપવા વિનંતી.

બિડાણઃ– સંદર્ભ(૧)વાળા પત્રની નકલ

(પી.એ.વિહોલ)
નાયબ વન સંરક્ષક
કચ્છ પૂર્વ વન વિભાગ,ભુજ.

\\main\E\FED\Surveyar\JAMAN\F C A\GETCO 11.70 HA

ક્રમાંક : જમન/૨૯-બી/બ/૪૦૯૬-૯૭/૨૦૧૯-૨૦
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી
ગુજરાત રાજય
એ-વીંગ, ૩ જો માળ, અરણ્યભવન,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર તા : ૨૪/૧૦/૨૦૧૯.

**વિષય:** Diversion of 4.04 Ha. Forest Land for Development SEZ utility and infrastructure crossing facilities in Mundra Ta-Mundra, Dist.Kutch in Gujarat State.

**સંદર્ભ :** (૧) આપના પત્ર ક્રમાંક :-
અ/જમન/ટે.૧૨/૭૨૬-૨૭/૨૦૧૬-૧૭, તા.૧૫/૦૭/૨૦૧૭.
(૨) અ/જમન/ટે.૧૨/૩૩૧૧/૨૦૧૮-૧૯, તા.૦૧/૦૩/૨૦૧૯.

ઉપરોક્ત વિષયે અને સંદર્ભ પત્ર અનુસંધાને જણાવવાનું કે, વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ વન જમીનના ડાયવર્ઝનની હેક્ટર ૪.૦૪ ની દરખાસ્ત મંજુરે અર્થે અત્રે સાદર કરવામાં આવેલ છે.

સદરહુ દરખાસ્તમાં નીચે મુજબની અધુરાશ હોઇ પુર્તતા પુર્ણ કરી દરખાસ્ત અત્રે સાદર કરવી. અસલ દરખાસ્ત ત્રણ પ્રતમાં આ સહ સામેલ રાખી પરત કરવામાં આવે છે.

(૧) ગુજરાત સરકારશ્રીના તા.૧૨/૦૬/૨૦૧૫ ના ઠરાવમાં જણાવેલ શરતોનું અમલ કરવા અંગે યુઝર એજન્સીનું બાંહેધરી મેળવી દરખાસ્તમાં રજુ કરવુ.

(૨) સાઇટ ઇન્સપેક્શન રીપોર્ટ જુના નમૂનામાં સાદર કરેલ છે. તેથી નિયત નમૂનામાં સાદર કરવો.

(૩) પ્રસ્તુત દરખાસ્તમાં નડતરરૂપ ચેરના વૃક્ષો ૪૦,૦૦૦ કાપવાના થતા હોય તેથી સવાલવાળા વિસ્તારની મુખ્ય વન સંરક્ષકશ્રીએ જાતે સ્થળ તપાસ કરી વિગતે અહેવાલ સાદર કરવો.

(૪) પાર્ટ-I માં ડાયવર્ઝનની KML ફાઇલ અપલોડ કરેલ છે તે ઓપન થતી નથી તેથી નવેસરથી તૈયાર કરી અપલોડ કરવી.

(૫) પાર્ટ-I માં ડાયવર્ઝનનો જીઓ રેફરન્સ મેપ GPS અથવા ટોટલ સ્ટેશન ધ્વારા તૈયાર કરી અક્ષાંશ-રેખાંશ દર્શાવતો મેપ અપલોડ કરવો તથા દરખાસ્તમાં સામેલ રાખવો.

(૬) પાર્ટ-II માં CA નો જીઓ રેફરન્સ મેપ GPS અથવા ટોટલ સ્ટેશન ધ્વારા તૈયાર કરી અક્ષાંશ-રેખાંશ દર્શાવતો મેપ અપલોડ કરવો તથા દરખાસ્તમાં સામેલ રાખવો.

(૭) માંગણી હેઠળનો વિસ્તાર SEZ વિસ્તારમાં સમાવેશ થાય છે કે કેમ? તેની વિગતો દર્શાવતો મેપ રજુ કરવો.

(૮) યુઝર એજન્સી ધ્વારા વન જમીનના બદલામાં બીન જંગલ જમીન પોર્ટલ ઉપર અપલોડ કરેલ બાદરગઢ ગામના ૭/૧૨ ની વિગતો જોતા રાપર તાલુકાના મોજે:- બાદરગઢ ગામના સર્વે નંબર ૩૮૦ માં સૂચવેલ છે. જ્યારે દરખાસ્તમાં પાર્ટ-II માં બાદરગઢ ના સર્વે નંબર ૮૩૦ છે. તેમજ વળતર વનીકરણની સ્કીમમાં બાદરગઢના સર્વે નં.૮૩૩ છે. લેન્ડ સ્યુટીબીલીટી સર્ટીફીકેટમાં સર્વે નંબર ૮૩૦/પૈકી મતલબ કે બાદરગઢ ગામના અલગ-અલગ સર્વે નંબર

દર્શાવેલ છે. તેથી આ બાબતે પુરતી ચકસણી કરી ખરેખર આ સાચો સર્વે નંબરનો સુધારો કરી તે મુજબ દરખાસ્તમાં એનેક્ષરો નવેસરથી તૈયાર કરવા તથા વળતર વનીકરણની સ્કીમ પણ નવેસરથી તૈયાર કરી ઇ-પોર્ટલ પર અપલોડ કરવી તથા દરખાસ્તમાં સામેલ રાખવી.

ઉપર જણાવ્યા મુજબના મુદ્દાઓની પુરતી ચકસણી કરી તે મુજબ દરખાસ્તમાં નવેસરથી એનેક્ષરો તૈયાર કરી અસલ દરખાસ્ત ત્રણ પ્રતમાં ફરી અત્રે પરત સાદર કરવા વિનંતી છે.

બિડાણ: અસલ દરખાસ્ત ત્રણ પ્રતમાં

(ડૉ. જયપાલ સિંહ)
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજય, ગાંધીનગર

**પ્રતિ,**
મુખ્ય વન સંરક્ષકશ્રી,
કચ્છ વન વર્તુળ, ભુજ

**નકલ રવાના:** નાયબ વન સંરક્ષકશ્રી, કચ્છ પૂર્વ વન વિભાગ, ભુજ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.